| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૩૧/૦૧/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.–૧૯૩૪/૨૦૨૨**
આંક–

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

**–– //વિરૂધ્ધ //––**

**આરોપી નં. ૧–** **કરણભાઇ કનુભાઇ ઉર્ફે ખનુભાઇ સોલંકી**
રહે. નવાગામ, ૯ નંબર પ્લોટ વિસ્તાર
તા.લાલપુર, જી. જામનગર

**આરોપી નં. ૨–** **વિઠ્ઠલભાઇ ઉર્ફે ધમો કનુભાઇ ઉર્ફે ખનુભાઇ સોલંકી**
રહે. નવાગામ, ૯ નંબર પ્લોટ વિસ્તાર
તા.લાલપુર, જી. જામનગર

---

**ગુન્હો–ઇ.પી.કો.કલમ– ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનો...**

---

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એન.પી.જાની
આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી એન.પી.બોડા

---

**–// ચુકાદો //–**

(૧).. આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મેઘપર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૧૨૦૨૦૩૮૨૨૦૫૩૩ / ૨૦૨૨ થી, તા. ૦૨ / ૦૮ /૨૦૨૨ ના રોજ ઈ.પી.કો. કલમ– ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર કલેપ્પુ વરી વેંકટા રમના રાવ

સ/ઓ કલેપુ સત્યનારાયણ મુરથી (કે.કે.વી.) એ આરોપી વિરૂધ્ધ એવી ફરીયાદ આપેલ છે કે, '' આ કામના આરોપીઓએ તા.૦૫.૦૮.૨૦૨૨ ના કલાક ૧૬/૦૦ વાગ્યાના અરસામાં આરોપીઓના કબ્જામાંથી ગેરકાયદેસર રીતે ખાનગી કંપનીના યાર્ડ નં.–૭૫ એકરની દિવાલ નં. ઈ–૩૯૦ માં ગેરકાયદેસર પ્રવેશ કરી, ૧ સીએકસ–૪૦૦ એમ એમ કોપર કેબલ વાયરમાંથી કોપર કેબલ વાયર માંથી ૮૦–મીટર જેટલો કોપર કેબલ કિંમત રૂા. ૨૨,૬૪૦/– કાપી, ચોરી કરી, આરોપી નં. ૧ એ ૧સીએકસ–૪૦૦ એમ. એમ. કોપર કેબલ વાયર ૪ મીટર કિં. રૂા. ૧૧૩૨/– સાથે પકડાઇ જઇ, આરોપી નં. ૨ ની સાથે અગાઉ ચોરી કરેલ હોય જે તપાસ દરમ્યાન પકડાઇ જઇ તેણે વેચેલ સદર મુદામાલ સાહેદ નં. ૧૨ પાસેથી ઓગાળેલ ઇટટો ૨૩–કિલો ૪૫૫ ગ્રામ જેની કિં. રૂા. ૧૩,૩૪૦/– નો મળી આવેલ હોય, બંને આરોપીઓએ કુલ મુદામાલ રૂા. ૨૨,૬૪૦/– ની ચોરી કરેલ હોય તથા બંને આરોપીઓ પાસેથી રકમ કિં. રૂા. ૧૪,૪૭૨/– નો રીકવરી કરેલ હોય, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, મુદામાલ સાથે પકડાઇ જઇ ઈ.પી.કો. કલમ– ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય તે મતબલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨).. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીઓની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલ છે.

(૩).. ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી ત.ક.અમલદારે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનુ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૪).. આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપી જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરનો સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે જે બજી જતા આરોપી હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–

૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૧૪ થી ઇ.પી.કોડની કલમ ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તેમજ આંક–૧૫ તથા ૧૬ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે જેમા આરોપીઓએ તેમને ગુનો કબુલ નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ આરોપી નં. ૧ નો મરણનો દાખલો આંક–૧૮ થી રજુ થયેલ છે જેના આધારે તેઓ પુરતો કેસ એબેટ થયેલ છે અને આરોપી નં. ૨ મળી ન આવતા તેમની સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ તા. ૨૭.૦૬.૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે.

(૫).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | ફરીયાદી કલેપ્પુ વરી વેંકટા રમના રાવ ની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૨૫ | પંચ સાહેદ જયસુખભાઇ રાણાભાઇ ચોપજડાની સોગંદ પરની જુબાની. |
| ૩ | ૨૮ | પંચ સાહેદ રાજેશભાઇ મુરાભાઇ મોરીની સોગંદ પરની જુબાની. |
| ૪ | ૩૦ | પંચ સાહેદ રમેશભાઇ છોટાલાલ નાકરની સોગંદ પરની જુબાની. |
| ૫ | ૩૨ | પંચ સાહેદ કૈલાશભાઇ દુલાભાઇ અશ્વારની સોગંદ પરની જુબાની. |
| ૬ | ૩૪ | પંચ સાહેદ રમેશભાઇ ખેરાભાઇ વારસાખીયાની સોગંદ પરની જુબાની. |
| ૭ | ૪૪ | સાહેદ હાકીમસિંગ શ્રીરામદાસસિંગ રાણાની સોગંદ પરની જુબાની. |
| ૮ | ૪૫ | સાહેદ જગબહાદુરસિંહ રઘુરાજસિંહ ભદોરીયાની સોગંદ પરની જુબાની. |
| ૯ | ૪૮ | સાહેદ પ્રફુલ્લભાઇ કલ્યાણજીભાઇ શેઠીયાની સોગંદ પરની જુબાની. |
| ૧૦ | ૪૯ | ત.ક.અ. વિરેન્દ્રસિંહ ચંદુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| અ.નં. | ટે. આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | ફરીયાદ |
| ૨ | ૨૬ | ગુનાવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૨૯ | અટક પંચનામુ |
| ૪ | ૩૧ | અટક પંચનામુ |
| ૫ | ૩૩ | મુદામાલ રીકવરી પંચનામુ |

(૬).. આ ગુનાના કામે આરોપી નં. ૧ મરણ પામેલ હોય અને આરોપી નં. ૨ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય જેથી આરોપીઓનું વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે નોંધવામાં આવેલ નથી.

(૭).. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહીત પુરવાર કરેલ છે તેવી દલીલો કરી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૮).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**––// મુદ્દા//––**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, '' આરોપીઓએ તા.૦૫.૦૮.૨૦૨૨ ના કલાક ૧૬/૦૦ વાગ્યાના અરસામાં આરોપીઓના કબ્જામાંથી ગેરકાયદેસર રીતે ખાનગી કંપનીના યાર્ડ નં.–૭૫ એકરની દિવાલ નં. ઈ–૩૯૦ માં ગેરકાયદેસર પ્રવેશ કરી, ૧ સીએકસ–૪૦૦ એમ એમ કોપર કેબલ વાયરમાંથી કોપર કેબલ વાયર માંથી ૮૦–મીટર જેટલો કોપર કેબલ કિંમત રૂા. ૨૨,૬૪૦/– કાપી, ચોરી કરી, આરોપી નં. ૧ એ ૧સીએકસ–૪૦૦ એમ. એમ. કોપર કેબલ વાયર ૪ મીટર કિં. રૂા. ૧૧૩૨/– સાથે પકડાઈ જઈ, આરોપી નં. ૨ ની સાથે

અગાઉ ચોરી કરેલ હોય જે તપાસ દરમ્યાન પકડાઇ જઇ તેણે વેચેલ સદર મુદામાલ સાહેદ નં. ૧૨ પાસેથી ઓગાળેલ ઇટટો ૨૩–કિલો ૪૫૫ ગ્રામ જેની કિં. રૂા. ૧૩,૩૪૦/– નો મળી આવેલ હોય, બંને આરોપીઓએ કુલ મુદામાલ રૂા. ૨૨,૬૪૦/– ની ચોરી કરેલ હોય તથા બંને આરોપીઓ પાસેથી રકમ કિં. રૂા. ૧૪,૪૭૨/– નો રીકવરી કરેલ હોય, બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, મુદામાલ સાથે પકડાઇ જઇ ઈ.પી.કો. કલમ– ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

–//કારણો//–

**મુદ્દા ન.–૧ અને ૨–**

**(૧૦)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૨ થી ફરીયાદી કે. વીરાવેંકટા. રમનારાવ ને** તપાસેલ છે. આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઓગસ્ટ ૨૦૨૨ ના આરશામાં રીલાયન્સ કંપનીના આઈ.આઈ.આર યાર્ડ ૭૫ એકરમં મટીરીયલની દેખરેખ રાખવાનું કામ કરતા હતા. તેઓના ઉપરી અધિકારી પ્રદીપ ત્યાગી હતા. આ મટીરીયલમાં કોપર કેબલનો સમાવેશ થતો હતો. તા. ૦૧–૦૮–૨૦૨૨ના રોજ બનેલ બનાવની જાણ તેમને ફોનથી સીકયોરીટી જગબહાદુરે કરેલી અને કહેલ કે ચાર મીટર કોપર વાયરની ચોરી કરતા

એક ઈસમ કરણભાઈ સોલંકીને પકડેલ છે. જેથી તેઓ બનાવ સ્થળે ગયેલા અને આ ચોરી કયાથી થયેલ છે તે તપાસ કરેલી અને તેઓ ગયેલ ત્યારે સીકયોરીટી જગબહાદુર તથા બીજા કર્મચારીઓ હતા. આરોપી કરણ સોલંકી ત્યા ન હતો અને તેઓએ પોતાની સ્ટોપની સેપ સિસ્ટમમાં ચેક કરતા એસીં મીટર જેટલો વાયર ઓછો હતો. ત્યારબાદ તેઓ પોલીસ સ્ટેશન ગયેલ અને ફરીયાદ કરેલી. કેબલ વાયર પોલીસને ફરીયાદ કરી ત્યારે સોંપેલો. બાકીના વાયરની પુછપરછ કરતા કરણ સોલંકીએ જણાવેલ કે આ બનાવના થોડા દિવસ પહેલા તેણે તથા તેના ભાઈ વિઠઠલ સોલંકીએ ચોરી કરી જામનગર વેંચી દીધેલ છે. ચોરીમાં ગયેલ મુદામાલ તેઓ દેખરેખ રાખવાનું અને સ્ટોક મેઈન્ટેન રાખવાનું તેઓની ફરજમાં આવતું હોય આ ચોરી અંગેની ફરીયાદ તેઓએ લખાવેલી હતી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમા પોતાની સહી છે. જે દા.આંક ૨૩ થી રજુ છે. તેઓએ ફરીયાદ લખાવ્યા બાદ પોલીસ બનાવવાળી જગ્યાએ આવતા તેઓએ બનાવવાળી જગ્યા બતાવેલ હતી. કરણ પાસેથી કેબલ કાપવાનું કટર મળી આવતા પોલીસ સમક્ષ રજુ કરેલ હતું. તેઓ મુદામાલ જોઈએથી ઓળખી શકે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ રીલાયન્સનું મટીરીયલ યાર્ડ ખુબજ મોટુ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ યાર્ડની ફરતે દિવાલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે યાર્ડમાં અલગ અલગ સીકયોરીટી ગાર્ડ નોકરી કરે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, યાર્ડમાં આવવા માટે કોઈ પણ વ્યકતીએ એન્ટ્રી કરાવવી પડે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, યાર્ડની બહાર કોઈ વ્યકતીએ જવુ હોય તો ચેકીંગ થાય અને પંચીંગ થાય. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ આરોપીએ કોપર વાયર કાપેલ હોય તેવુ તેઓએ જોયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કરણ સોલંકીનું નામ સીકયુરીટી જગબહાદુરે કહેલ ત્યારે

તેમને ખબર પડી. એ જ રીતે વિઠઠલ સોલંકીનુ નામ પણ સિક્યુરીટીએ કહેલ ત્યારે ખબર પડી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, વિઠઠલ સોલંકી તથા કરણ સોલંકીને ચોરી કરતા તેઓએ જોયેલ નહી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ ફરીયાદ કરવા કંપનીએ કોઈ ઓથોરીટી લેટર આપેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, યાર્ડમાં સી.સી. ટીવી કેમેરા લાગેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ કહે છે તેવા આરોપીઓ એ રીલાયન્સ કંપનીના યાર્ડમાં ગેરકાયદેશર પ્રવેશ કરી અલગ અલગ જગ્યાએ કોપર વાયરની ચોરી કરેલ નથી.

**(૧૧)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક-૨૫ થી પંચ સાહેદ જયસુખભાઈ રાણાભાઈ ચોપડા તથા આંક-૨૮ થી પંચ સાહેદ રાજેશભાઈ મુરાભાઈ મોરીને** તપાસેલ છે. આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને પંચનામા ની ખરીનકલ બતાવવામાં આવે છે, તેમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. ગુનાવાળી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરીનકલ દાખલ આંક-૨૬ થી રજુ છે. આ સહી પોલીસે તેઓ પાસે આવી લીધેલ હશે. આ શેનુ લખાણ હતુ તેની તેમને ખબર નથી. તેઓ રૂબરૂ પોલીસે કોઇ કાર્યવાહી કરેલ તેવુ બનેલ નથી.

સદરહું પંચ સાહેદને એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતિથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે. જેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર પંચ સાહેદે સ્વીકારેલ છે કે, લખેલા તૈયાર કાગળમાં સહી કરેલી અને તેમા શુ લખેલુ તેની તેમને ખબર નથી. પોલીસે તેઓ રૂબરૂ પંચનામાની વિગતે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૨).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૩૦ થી પંચ સાહેદ રમેશભાઈ છોટાલાલ નાકર ને** તપાસેલ છે. આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને પંચનામા ની ખરીનકલ બતાવવામાં આવે છે, તેમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. અટક પંચનામાની ખરીનકલ દાખલ આંક–૩૧ થી રજુ છે. આ સહી પોલીસે તેઓ પાસે આવી લીધેલ હશે. આ શેનુ લખાણ હતુ તેની તેમને ખબર નથી. તેઓ રૂબરૂ પોલીસે કોઇ કાર્યવાહી કરેલ તેવુ બનેલ નથી.

સદરહું પંચ સાહેદને એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતિથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે. જેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર પંચ સાહેદે સ્વીકારેલ છે કે, લખેલા તૈયાર કાગળમાં સહી કરેલી અને તેમા શુ લખેલુ તેની તેમને ખબર નથી. પોલીસે તેઓ રૂબરૂ પંચનામાની વિગતે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૩).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૩૨ થી પંચ સાહેદ કૈલાશભાઈ દુલાભાઈ અસ્વાર તથા આંક–૩૪ થી રજુ પંચ સાહેદ રમેશભાઈ ખેરાભાઈ વારસાખીયા ને** તપાસેલ છે. આ પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને પંચનામા ની ખરીનકલ બતાવવામાં આવે છે, તેમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. મુદામાલ રીકવરી પંચનામાની ખરીનકલ દાખલ આંક–૩૩ થી રજુ છે. આ સહી પોલીસે તેઓ પાસે આવી લીધેલ હશે. આ શેનુ લખાણ હતુ તેની તેમને ખબર નથી. તેઓ રૂબરૂ પોલીસે કોઇ કાર્યવાહી કરેલ તેવુ બનેલ નથી.

સદરહું પંચ સાહેદને એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતિથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે. જેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી કોઈ

હકીકતને સમર્થન આપેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર પંચ સાહેદે સ્વીકારેલ છે કે, લખેલા તૈયાર કાગળમાં સહી કરેલી અને તેમા શુ લખેલુ તેની તેમને ખબર નથી. પોલીસે તેઓ રૂબરૂ પંચનામાની વિગતે કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૧૪).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૪ થી સાહેદ હાકીમસિંગ શ્રીરામદાસસિંગ રાણાને** તપાસેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૨૨ ની સાલમા તેઓ એસ એલ વી સીકયુરીટી કંપનીમા સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. તેઓની ફરજ ૭૫ એકર નવાગામ પોઈન્ટ પર હતી. બનાવના દિવસે તેઓ સાથે જગબહાદુર રઘુરાજસિંગ પણ ફરજ પર હતા. તેઓ બનાવના દિવસે પેટ્રોલીગમા હતા. તેઓએ જોયુ કે એક દીવાલ તુટેલી હતી અને ત્યા પત્રા ની આડસ હતી તેમાથી એક જણ અંદર આવેલા અને એક બહાર હતો અંદર આવેલ ઈસમ કોપર કેબલ કાપવા લાગેલ જેથી તેઓએ આવીને જોતા એક ઈસમ ભાગી ગયેલો તથા એક પકડાઈ ગયેલો. તેનુ નામ પુછતા કરણ કનુ સોલંકી હતુ. તેની પાસે કોપર કેબલ નો ફીડળો હતો તે અંદાજે ચારેક મીટર જેટલો હતો. તેઓએ કંટ્રોલ રુમ મા વેંકટ સાહેબને જાણ કરતા કંટ્રોલ રુમના વેંકટ સાહેબ આવેલા. તેઓ આવેલા અને કરણને વાયર સાથે લઈ ગયેલા અને પોલીસ સ્ટેશન મા ફરીયાદ દાખલ કરેલી અને તપાસ કરનાર અધીકારી એ તેઓનો જવાબ લીધેલો તેમા તેઓએ ઉપર જણાવેલ હકીકત લખાવેલી. કરણ સાથે અન્ય એક નુ નામ વીઠ્ઠલ હતુ.

આરોપી નં. ૧ એબેટ હોય અને આરોપી નં. ૨ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય સાહેદની કોઈ ઉલટતપાસ થયેલ નથી.

(૧૫).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૫ થી સાહેદ જગબહાદુરસિંહ રઘુરાજસિંહ ભદોરીયા ને** તપાસેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૨૨ ની સાલમા તેઓ

એસ એલ વી સીકયુરીટી કંપનીમા સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. તેઓની ફરજ ૭૫ એકર નવાગામ પોઇન્ટ પર હતી. બનાવના દિવસે તેઓની સાથે હકીમસિંગ જાટ પણ ફરજ પર હતા. તેઓ ટાવર પર હતા તેઓએ જોયુ કે એક દીવાલ તુટેલી હતી અને ત્યા પત્રા ની આડસ હતી તેમાથી બે જણ અંદર આવેલા અને કોપર કેબલ કાપવા લાગેલા જેથી તેઓએ આવીને જોતા એક ઇસમ ભાગી ગયેલો તથા એક પકડાઇ ગયેલો. તેનુ નામ પુછતા કરણ સોલંકી હતુ. તેની પાસે કોપર કેબલ નો ફીડળો હતો અંદાજે કેટલાનુ હતુ તે તેમને યાદ નથી. તેઓએ કંટ્રોલ રુમ મા જાણ કરતા કંટ્રોલ રુમના એક સાહેબ આવેલા તેઓનુ નામ હાલ તેમને યાદ નથી. તેઓ આવેલા અને કરણને વાયર સાથે લઇ ગયેલા અને પોલીસ સ્ટેશન મા ફરીયાદ દાખલ કરેલી અને તપાસ કરનાર અધીકારી એ તેઓનો જવાબ લીધેલો તેમા તેઓએ ઉપર જણાવેલ હકીકત લખાવેલી. કરણ સાથે અન્ય એક નુ નામ તેમને ચોકકસ યાદ નથી.

આરોપી નં. ૧ એબેટ હોય અને આરોપી નં. ૨ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય સાહેદની કોઈ ઉલટતપાસ થયેલ નથી.

**(૧૬)..** ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૮ થી સાહેદ પ્રફુલ્લભાઇ કલ્યાણજીભાઇ શેઠીયા ને** તપાસેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ દસ બાર વર્ષથી જામનગર ૫૮ દિગ્વીજય પ્લોટ ખાતે કાવ્યા ટ્રેડીંગ નામની ઓફીસમાં સ્ક્રેપનો વેપાર કરે છે. તેઓ વિઠ્ઠલ નામના કોઇ વ્યકિત ને ઓળખતા હોય તેવુ તેમને યાદ નથી. તેઓએ વિઠ્ઠલ નામની વ્યકિત પાસેથી કોઇપણ જાતની ખરીદી કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે કયારેય વીઠ્ઠલ નામની વ્યકિત અંગે તેઓની કોઇ પુછપરછ કરેલ નથી. પોલીસે કોઇપણ જાતની મુદામાલ અંગે કયારેય તેઓની કોઇ પુછપરછ કરેલ નથી. તેઓ આ કામના આરોપીને ઓળખતા નથી.

સદરહું સાહેદને એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતિથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે. જેમાં પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી કોઈ હકીકતને સમર્થન આપેલ નથી.

આરોપી નં. ૧ એબેટ હોય અને આરોપી નં. ૨ સામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય સાહેદની કોઈ ઉલટતપાસ થયેલ નથી.

(૧૭).. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૯ થી ત.ક.અમલદાર વિરેન્દ્રસિંહ ચંદુભા જાડેજા ને** તપાસેલ છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ની સાલમા તેઓ મેઘપર પડાણા પો.સ્ટે. ખાતે પો.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી કલેપ્પુ વીરા વૈકટા રમના રાવે પીએસઓ આઇ.ડી. જાડેજા રુબરુ આરોપી કરણ કનુભાઈ સોલંકી તથા વિઠ્ઠલ સોલંકીએ અલગ અલગ દિવસે નવાગામ સીમમા આવેલ ખાનગી કંપનીમા યાર્ડ નં ૭૫ ની દીવાલ નં ઇ ૩૯૦ મા ગેરકાયદેસર પ્રવેશ કરી કોપર કેબલ વાયર ની ચોરી કરેલ હોય બંને આરોપી વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ નોંધાવેલ જે લેખિત ફરીયાદ પીએસઓને આપતા પીએસઓ આ કામના બંને આરોપી વિરુધ્ધ ફસ્ટ ગુના રજી નં ૦૫૩૩/૨૨ આઇપીસી કલમ ૪૪૭,૩૮૦,૧૧૪ મુજબનો ગુન્હો નોંધી આગળ ની તપાસ તેઓ ને સોંપતા તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. તેઓએ તા.૦૨/૦૮/૨૨ ના રોજ બનાવ વાળી સ્થાનીક જગ્યાનું પંચનામું કરેલ મને કોર્ટ રેકર્ડમાંથી આંધ્ર ૨૫ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમા તેઓ રુબરુ બે પંચોની સહી કરેલ છે.જે સ્થાનીક જગ્યાએ આ કામના ફરીયાદીએ બતાવેલી. તેઓ એ તા.૦૩/૦૮/૨૨ ના રોજ સાહેદ પ્રફુલ્લભાઈ શેઠીયા એ ચોરી મા ગયેલ મુદામાલ ઓગાળી તેની ઈટો રજુ કરતા હોય જે કબજે કરેલ તે અંગેનુ છે. તેમને આંક ૩૩ વાળા પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા તેઓની તથા તેઓ રુબરુ બે પંચોની સહી છે. જે તેઓ ઓળખે છે. તેઓ એ

તા.૦૫/૦૮/૨૨ ના રોજ આરોપી વિઠ્ઠલભાઈ ઉર્ફે ધમો કનુભાઈ સોલંકીની શારીરીક સ્થીતીની તપાસ કરી તેઓની ધોરણસર અટક કરેલી.તે અંગેનુ પંચનામુ છે તેમને રેકર્ડ માથી આંક ૩૧ વાળા પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમા તેઓની તથા તેઓ રુબરુ બે પંચોની સહી છે.જે તેઓ ઓળખે છે. આ કામે આરોપી નં ૧ કરણભાઈ કનુભાઈ સોલંકીની અટક તેઓના સાથી કર્મચારી પો.હે.કો. આઇ.ડી.જાડેજાએ કરેલી તેમને કોર્ટ રેકર્ડમાથી આંક ૨૯ વાળા પંચનામાની ખરી નકલ બતાવવામા આવે છે.જેમા પો.હે.કો. આઇ.ડી.જાડેજાની રુબરુ તરીકેની સહી તેઓ ઓળખી બતાવે છે. આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાય આવતા તેઓ એ નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આ કામના આરોપી નં ૨ વિઠ્ઠલભાઈ ની તેઓ એ અટક કરેલ હોય તેમને જોઇએથી ઓળખી શકે છે. જે કોર્ટ મા હાજર નથી.

આરોપી નં. ૧ એબેટ હોય અને આરોપી નં. ૨ સામે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય સાહેદની કોઈ ઉલટતપાસ થયેલ નથી.

**(૧૪)...** આમ, ઉપરોકત પડેલ તમામ પુરાવાઓનુ પુરાવાકીય નિરિક્ષણ કર્યા બાદ કેટલીક વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. જે ધ્યાને લેતા ફરીયાદપક્ષનો કેસ શંકાથી પર રીતે સાબીત થતો નથી તેવુ મારૂ માનવુ છે. સૌપ્રથમ, તો હાલના કામે તપાસેલ સાહેદ હાકીમસિંગ શ્રીરામદાસસિંગ રાણા કે જેઓને આંક-૪૪ થી તપાસેલા છે તથા આંક-૪૫ થી તપાસેલ જગબહાદુરસિંહ રઘુરાજસિંહ ભદોરીયા આ બંને સાહેદો હાલના કામે નજરે જોનાર સાહેદ છે તે સિવાય અન્ય કોઇ નજરો જોનાર સાહેદ નથી. ઉપરોકત, બંને સાહેદોએ બનાવ અંગેની હકીકતોને સમર્થન આપેલ છે તથા બનાવ વખતે આરોપી નં. ૧ કરણભાઇ કનુભાઇ ઉર્ફે ખનુભાઇ સોલંકીનાઓને ચોરી કરતી વખતે પકડી પાડેલ હતા તેવી હકીકતને પુરેપુરો સમર્થન આપેલ છે. પરંતુ આ કરણભાઇ કનુભાઇ ઉર્ફે ખનુભાઇ સોલંકી કે જેઓ આ કામના આરોપી નં. ૧ થાય છે તેઓ ટ્રાયલ દરમ્યાન મરણ પામેલા છે અને તેઓનો મરણનો દાખલો આંક-૧૮ થી રજુ થયેલ છે. જેના આધારે તેઓ પુરતો કેસ એબેટ થયેલ છે. આમ, ઉપરોકત બંને સાહેદો આરોપી નં. ૧ સામેનો ગુનો

પુરવાર કરવામાં તેઓની હકીકતો પોત પોતાની જુબાનીમાં જણાવેલ છે, પરંતુ જયારે આ કામના આરોપી નં. ૧ પોતે ગુજરી ગયેલ હોય ત્યારે આ હકીકતોનો કોઈ મહત્વ રહેતો નથી. તે ઉપરાંત, આ બંને સાહેદોએ પોત પોતાની જુબાનીમાં આરોપી નં. ૨ વિશે કોઇ હકીકત જણાવેલ ન હોવાથી આ બંને સાહેદોની જુબાનીથી આરોપી નં. ૨ સામેનો ગુનો પુરવાર થતો નથી તેવુ મારૂ માનવુ છે. તે ઉપરાંત હાલના કામે આંક-૨૬ ગુનાવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ, આંક-૨૯ તથા આંક-૩૧ થી અટક પંચનામુ તથા આંક-૩૩ થી  મુદામાલ રીકવરી પંચનામુ રજુ થયેલ છે. તે તમામ પંચનામાઓના પંચ સાહેદો કે જેઓને હાલના કામે આંક-૨૫, ૨૮, ૩૦, ૩૨ તથા ૩૪ થી તપાસેલા છે. તેઓએ પંચનામાને સમર્થન આપેલ નથી તથા તમામ તપાસેલ ઉપરોકત પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે, તેમજ બચાવપક્ષે લેવાયેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ ન હોવાથી હાલના કામે રીકવરી અંગેની હકીકતો સાબીત થતી નથી તેવુ મારૂ માનવુ છે. તે ઉપરાંત હાલના કામે આંક-૨૨ થી કે. વીરાવેંકટા. રમનારાવ કે જેઓ હાલના કામના ફરીયાદી થાય છે. જેઓની જુબાની જોવામાં આવે તો તેઓએ આંક-૨૩ થી ફરીયાદ રજુ રાખી બનાવ અંગેની હકીકતોને સમર્થન આપેલ છે પરંતુ તે હકીકતો તેઓને ફોનથી સીકયોરીટી જગબહાદુરે કરેલ હોવાથી વાતો વાતોથી જાણવા મળેલ તે હકીકતો સ્વીકારેલ છે, તેમજ તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ નજરે કોઇ વ્યકિતને ચોરી કરતા જોયેલા નથી. આમ, આ સાહેદ હાલના કામે ફરીયાદી છે તથા બનાવ અંગેની હકીકતોને પણ સમર્થન આપેલ છે, પરંતુ તેઓ નજરે જોનાર સાહેદ ન હોવાથી તેમજ હાલના કામે આરોપીને ચોરી કરતા જોયેલ ન હોવાથી તેઓની જુબાનીથી આરોપી સામેનો ગુનો પુરવાર થઇ શકે તેમ નથી તેવુ મારૂ માનવુ છે. તે ઉપરાંત, હાલના કામે મહત્વના એવા સાહેદ પ્રફુલ્લભાઇ કલ્યાણજીભાઇ શેઠીયા નાઓને આંક-૪૮ થી તપાસેલા છે. ફરીયાદપક્ષના કેસની હકીકતો મુજબ આરોપીઓએ ચોરી કરેલ મુદામાલ આ સાહેદને વેચેલ હતુ તથા આંક-૩૩ થી રજુ રીકવરી પંચનામામાં પણ તે અંગેની હકીકતો તથા આ સાહેદનુ નામ જણાવેલ છે પરંતુ આ સાહેદે

પોતાની જુબાનીમાં જણાવ્યા મુજબ ફરીયાદપક્ષની હકોકતો મુજબની કોઈપણ હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ આરોપી નં. ૨ એટલે કે, વિઠ્ઠલ નામના વ્યકિતને ઓળખતા પણ નથી કે તેમની પાસેથી કોઈપણ જાતની ખરીદી કરેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકત જણાવતા હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામે ઉપરોકત તમામ હકીકતો તેમજ પુરાવો ધ્યાને લેતા જયારે હાલના કામે રીકવરી અંગેની હકીકતો જ પુરવાર થયેલ ન હોય ત્યારે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર થતો નથી તેવુ મારૂ માનવુ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-//આખરી હુકમ//-**

(૧) આ કામના **આરોપી નં. ૨-વિઠ્ઠલભાઈ ઉર્ફે ધમો કનુભાઈ ઉર્ફે ખનુભાઈ સોલંકી** નાઓને તેઓના વિરૂદ્ધના ઈ.પી.કો. કલમ – ૪૪૭, ૩૮૦, ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી આરોપીની ગેરહાજરીમાં ક્રિ. પ્રો.કો.કલમ – ૨૪૮(૧) તથા ૩૫૩(૬) અન્વયે નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવું છું. તેમજ આ કામના **આરોપી નં. ૧ કરણભાઈ કનુભાઈ ઉર્ફે ખનુભાઈ સોલંકી** નાઓની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યે તેના મુળ માલીકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૩૧ મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૧/૦૧/૨૦૨૬
સ્થળ લાલપુર

(નરેન્દ્ર મોહનલાલ કડોલીયા)
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
લાલપુર.
**CODE NO.GJ01115**